# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, પોરબંદર
## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અને ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ અને The Gujarat Epidemic Deases Act 1897 અન્વયેનું જાહેરનામું

નં.એમએજી/સી/કોરોના/જા.નામુ/૨૧૭/૨૦૨૦/૧ તા.૨૧/૦૭/૨૦૨૦

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/સી/કોરોના/જા.નામુ/૭૭/૨૦૨૦, તા.૦૭/૦૭/૨૦૨૦ નું જાહેરનામું

**-જાહેરનામું-**

આ કચેરીના વંચાણે લીધા ક્રમ-૧ તા.૦૭/૦૭/૨૦૨૦ ના જાહેરનામાથી ફોજદારી કાર્યરિતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ-૩૦ તથા કલમ-૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 ની કલમ-૨ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ વિસ્તારને તા.૦૭/૦૭/૨૦૨૦ થી કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરી નિયંત્રણો ફરમાવવામાં આવેલ છે.

(૧) પોરબંદર તાલુકાના છાંયા શહેર વિસ્તારમાં સદભાવના નગર, સેન્ટમેરી સ્કુલ પાસે, પાછળ ઉત્તર દિશામાં રાણાભાઈ કારાવદરાના ઘરથી દક્ષિણે હરપાલસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલાના ઘર સુધી તથા સામે ખુલ્લા પ્લોટથી ઉત્તરે જેઠવા ગૌતમભાઈ રાજેન્દ્રભાઈના ઘર સુધી

આ બાબતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : જી.પં./આરો/કોવીડ-૧૯/ માઈક્રો કન્ટેઈમેન્ટ ઝોન/૧૦૦૩૩/૨૦૨૦, તા.૨૦/૦૭/૨૦૨૦ થી થઈ આવેલ દરખાસ્ત મુજબ આ વિસ્તારમાં હાલ કોઈ એકટીવ કેસ ન હોય જેથી આ વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોનના નિયંત્રણો હટાવવા દરખાસ્તો થઈ આવેલ છે. આ તમામ હકિકત ઘ્યાને લેતા ઉપરોકત વિસ્તારોને હવે કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે ચાલુ રાખવાનું આવશ્યકતા જણાતી નથી. વાસ્તે હું **ડી.એન.મોદી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદર** ફોજદારી કાર્યરિતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ-૩૦ તથા કલમ-૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 ની કલમ-૨ અન્વયે મળેલ સત્તાની રૂએ ઉપરોકત વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોનના નિયંત્રણમાંથી મુકત જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપેલ છે.

(ડી.એન.મોદી)
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

નકલ રવાના :-

| | | |
|---|---|---|
| ૧. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર | બહોળી પ્રસિધ્ધિ અર્થે......... |
| ૨. | પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર | બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ |
| ૩. | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર | બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ |
| ૪. | સીવીલ સર્જનશ્રી, ભાવસિહજી હોસ્પીટલ, પોરબંદર | બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ |
| ૫. | નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર (શહેર/ગ્રામ્ય) | બહોળી પ્રસિધ્ધિ તથા અમલવારી અર્થે |

૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર,કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૭. મામલતદાર અને એકઝી. મેજીસ્ટ્રેટશ્રી,
પોરબંદર(શહેર/ગ્રામ્ય), રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી,
પોરબંદર, રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૯. ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા,
પોરબંદર, છાંયા, રાણાવાવ, કુતિયાણા બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૧૦. સહાયક માહિતી નિયામકશ્રી, પોરબંદર
દૈનિક વર્તમાન પત્રમાં વિના મૂલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂં.
૧૧. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
આ સાથે ટાઈપ નકલ સામેલ છે, જેથી ગેઝેટમાં પ્રસિધ્ધી કરવા અર્થે.
૧૨. સીટી તલાટીશ્રી, પોરબંદર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર ...જાણ અર્થે.

નકલ– આ કચેરીના નોટીશ બોર્ડ ઉપર